| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 207 | Mandate that the VAT refund payment should directly be paid into organization's account within 60 days | Yes | |

ક્રમાંક: ગુજકા/વેટ-૨૦એ/૧૫-૧૬/જા.૧૭૦/૧૪૫

ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

વાણિજ્યિક વેરાકમિશનરની કચેરી,
(કાયદા શાખા),ગુજરાત રાજ્ય,
એ/૫, રાજ્ય કર ભવન,
આશ્રમરોડ,અમદાવાદ-૩૮૦૦૦૯
તારીખ : ૧૮/૦૬/૨૦૧૫

## જા હે ર પ રિ પ ત્ર

વિષય: કામચલાઉ રીફંડ તબક્કાવાર આપવા બાબત

સંદર્ભ: ૧) જાહેર પરિપત્ર ક્રમાંક: વાવેક/ગુજકા/પ્રો.રીફંડ/૨૦૦૬-૦૭/જા.૨૮/૨૪ તા.૧૭/૨/૨૦૦૭

૨) જાહેર પરિપત્ર ક્રમાંક:ગુજકા/વેટ-૨૦/પ્રો.રીફંડ/૨૦૦૮-૦૯/જા.૫૫/૫૦ તા.૧૭/૭/૨૦૦૮

૩) જાહેર પરિપત્ર ક્રમાંક: ગુજકા/વેટ/૨૦/૨૦૦૮-૦૯/જા.૬૩/૫૭ તા.૨૦/૧૧/૨૦૦૮

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ,૨૦૦૩ અને નિયમો-૨૦૦૬ ના નિયમ-૩૭ ના પેટા નિયમ-(૫) હેઠળ કામચલાઉ રીફંડ આપવા અંગેની જોગવાઇ છે. આવા કામચલાઉ રીફંડ અંગે સંદર્ભ હેઠળના જાહેર પરિપત્રો દ્વારા જરૂરી સૂચનાઓ અને સ્પષ્ટતાઓ આપવામાં આવેલ છે.

નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીએચએન-૧૯ તા.૧૫/૧૦/૧૪ અન્વયે નિયમ-૩૭ ના પેટા નિયમ-(૮) માં થયેલ સુધારા મુજબ કામચલાઉ રીફંડ નાણાં વિભાગના જાહેરનામાં ક્રમાંક : (જીએચએન-૧૯) તા.૧૫/૧૦/૨૦૧૪ દ્વારા નિયમ-૩૭ ના પેટા નિયમ-(૮) માં થયેલ સુધારા મુજબ અરજી મળ્યા તારીખથી ૯૦ દિવસ સુધીમાં આપવાનું થતું હતું.

1

ટુંકા ગાળાની રીફંડ સાયકલ દરમ્યાન કાર્યશીલ મુડી જળવાઇ રહે તેવી વેપારી વર્ગની સવલત માટે તેમજ રીફંડ પર ચુકવવાનાં થતાં બીન જરૂરી વ્યાજને ટાળવા માટે ઉકત જોગવાઇને અનુસંધાને કામચલાઉ રીફંડ અંગે અનુસરવાની કાર્યવાહી હવે પછી નીચે મુજબ હાથ ધરવામાં આવશે.

૧) વેપારી દ્વારા સબંધિત ટેકસ પીરીયડ માટે કામચલાઉ રીફંડ માટેની અરજી થયા બાદ અરજીની તારીખથી ૩૦ દિવસમાં જરૂરી ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા અધિકારી નોટિસ આપશે અને વેપારીએ રજુ કરેલ પુરાવાના પ્રમાણમાં તેટલી રકમનું રીફંડ નોટિસ સમય પૂર્ણ થયાના ૩૦ દિવસમાં આપી દેવામાં આવશે.

૨) ત્યાર બાદ વેપારીને ઉકત અરજી અન્વયેના રીફંડની બાકીની રકમ માટેના પુરાવા રજુ કરવા નોટિસ આપી બીજી તક આપવામાં આવશે. જે મુજબ દિન-૩૦ માં વધારાના પુરાવા રજુ કરવા જણાવવામાં આવશે. જો વધારાના પુરાવાઓ સાથેની અરજી વેપારી દ્વારા કરવામાં આવશે તો આવી નોટિસનો સમય પૂર્ણ થયા તારીખથી ૩૦ દિવસમાં ઉપલબ્ધ પુરાવાઓને આધારિત તેટલાં પ્રમાણમાં તેટલી રકમનું રીફંડ આપી દેવામાં આવશે.

3) ત્યાર બાદ વેપારીને ઉકત અરજી અન્વયેના રીફંડની બાકીની રકમ માટેના પુરાવા રજુ કરવા નોટિસ આપી ફરી તક આપવામાં આવશે. જે મુજબ દિન-૩૦ માં વધારાના પુરાવા રજુ કરવા જણાવવામાં આવશે. જો વધારાના પુરાવાઓ સાથેની અરજી વેપારી દ્વારા કરવામાં આવશે તો આવી નોટિસનો સમય પૂર્ણ થયા તારીખથી ૩૦ દિવસમાં ઉપલબ્ધ પુરાવાઓને આધારિત તેટલાં પ્રમાણમાં તેટલી રકમનું રીફંડ આપી દેવામાં આવશે.

૪) ઉપર્યુકત ક્રમાંક-(૧) થી (૩) માં દર્શાવ્યા મુજબની કામચલાઉ રીફંડની કુલ રકમ સબંધિત ટેકસ પીરીયડ માટે દાવો કરેલ રીફંડની રકમના ૯૦% થી વધવી જોઇશે નહીં.

2